# 33

## જામનગર અને દેવભૂમિ દ્વારકા જીલ્લામાં ભાડાના મકાનમાં ચાલતી આંગણવાડીઓ

***15/4/2410 શ્રી હેમંતભાઇ હરદાસભાઇ આહિર** (જામજોધપુર): પંદરમી ગુજરાત વિધાનસભાના બીજા સત્રમાં તા.૧૦/૦૩/૨૦૨૩ના રોજ સભાગૃહમાં રજુ થયેલ તારાંકિત પ્રશ્ન ક્રમાંક-૯૬૮ (અગ્રતા-૯૧)ના અનુસંધાને **માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| | **પ્રશ્ન** | | **જવાબ** |
|---|---|---|---|
| (૧) | જામનગર અને દેવભૂમિ દ્વારકા જીલ્લામાં અનુક્રમે ૨૦૫ અને ૧૪૨ આંગણવાડીઓ ભાડાના મકાનમાં ચાલતી હતી તો, તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ તે પૈકી કેટલી આંગણવાડીઓના નવા મકાન બનાવવામાં આવ્યા છે, અને | (૧) | તા.૩૧/૧૨/૨૦૨૩ ની સ્થિતિએ જામનગરમાં ૨૬ મકાનો પૂર્ણતાના આરે છે અને દેવભૂમિ દ્વારકા જિલ્લામાં ૭ આંગણવાડીઓના નવા મકાન બનાવવામાં આવ્યા છે, અને |
| (૨) | ઉક્ત સ્થિતિએ જે આંગણવાડીઓને પોતાનું મકાન નથી તેમને મકાન આપવા સરકાર દ્વારા શા પગલા લેવામાં આવ્યા? | (૨) | જામનગર જિલ્લો<br>• ઉક્ત સ્થિતિએ જામનગર જિલ્લામાં ૧૫૮ આંગણવાડી કેન્દ્રોનું આયોજન વિવિધ યોજના અંતર્ગત કરવામાં આવેલ છે અને બાકી રહેતા આંગણવાડી કેન્દ્રો માટે જમીન ઉપલબ્ધ થયેથી આયોજન કરવામાં આવશે.<br>દેવભૂમિ દ્વારકા જિલ્લો<br>• ઉક્ત સ્થિતિએ દેવભૂમિ દ્વારકામાંથી ૭૮ આંગણવાડી કેન્દ્રોના મકાન બાંધકામની પ્રક્રિયા ચાલુમાં છે. |

- ૫૭ આંગણવાડી કેન્દ્રમાંથી ૪૦ મકાનોનાં બાંધકામના આયોજનની કામગીરી ચાલુ છે.
- બાકી રહેલ ૧૭ મકાનની જમીન ઉપલબ્ધ થયેથી સત્વરે આયોજન કરવામાં આવશે.

------------------------------------